સાદી ભાષામાં સારાંશ

હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist)ની આર્થિક મદદ નીતિ

જેઓ વીમા આરક્ષિત ન હોય, અપૂરતો વીમો ધરાવતા હોય, જેઓ સરકારી કાર્યક્રમ માટે પાત્ર ન હોય અથવા અન્યથા ચૂકવણી કરી શકે તેમ ન હોય તેવા લોકોને તેમની વ્યક્તિગત આર્થિક સ્થિતિના આધારે કટોકટીની અને તબીબી રીતે જરૂરી સંભાળ માટે ચેરિટી સંભાળ પૂરી પાડવા માટે હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) પ્રતિબદ્ધ છે

જે દર્દીઓની કુટુંબની આવક ફેડરલ પોવર્ટી લેવલ (એફપીએલ) ના 200% થી ઓછી હોય અથવા મફત સેવાઓ પ્રાપ્ત કરવા માટે પાત્ર હોય; અને જે દર્દીઓની કુટુંબની આવક 200% થી વધુ હોય પરંતુ 500% એફપીએલ કરતા વધુ ન હોય તેઓ ડીસ્કાઉન્ટવાળી રકમ પર સેવાઓ મેળવવા માટે પાત્ર બને છે. આ ડીસ્કાઉન્ટવાળો દર હ્યુસ્ટન મેથોડિસ્ટ દ્વારા ખાનગી વીમા અને મેડિકેર દ્વારા ચૂકવવામાં આવતી સરેરાશ રકમ કરતાં વધુ ન હોય, જેમાં કપાતો, સહ ચૂકવણીઓ અને સહ વીમાના રૂપમાં કોઈ દર્દીની ચૂકવણીનો સમાવેશ થાય છે. જે દર્દીઓની કુટુંબની આવક 500% એફપીએલ કરતા વધુ હોય તેઓ ડીસ્કાઉન્ટવાળી સેવાઓ મેળવવા માટે પાત્ર બની શકે છે.

સેવાઓ આપવામાં આવે તે પહેલાં કટોકટીની અને તબીબી રીતે જરૂરી સેવાઓ માટે આગોતરી ચૂકવણીઓ અથવા ચૂકવણીની ગોઠવણો કરવી તમારા માટે જરૂરી નથી. જોકે, જો તમારે ડિસ્કાઉન્ટવાળી રકમ ચૂકવવાની જરૂર પડે અને તમે સેવાઓ પૂરી પાડવામાં આવ્યા પછી ડિસ્કાઉન્ટવાળી રકમ પૂરેપૂરી ચૂકવી ન શકો તો હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) આ રાહત દરની રકમ વસૂલ કરવા પ્રયત્ન કરશે. હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) તમારી પાસેથી ચૂકવણીની વિનંતી કરતા માસિક બિલિંગ સ્ટેટમેન્ટ પૂરા પાડશે. જો તમે એક જ ચૂકવણીમાં ડિસ્કાઉન્ટવાળી રકમ ચૂકવી ન શકો તો હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) વ્યાજમુક્ત લંબાવેલી ચૂકવણીના વિકલ્પો આપે છે. બિન ચૂકવાયેલી કોઈપણ ડીસ્કાઉન્ટવાળી બાકી રકમો વધુ વસૂલાતના પ્રયત્નો માટે ત્રાહિત-પક્ષ વસૂલાત એજન્સીને આપવામાં આવશે. ત્રાહિત પક્ષ વસૂલાત પ્રવૃત્તિમાં વ્યક્તિગત પૂર્વાધિકારો, કાનૂની પગલાંઓ અથવા ક્રેડિટ બ્યુરો સૂચના શામેલ નથી.

હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist)ની આર્થિક મદદની નીતિ, આર્થિક મદદની અરજી અને વસૂલીની નીતિઓની મફત નકલ www.HoustonMethodist.org/Billing પર હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist)ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે, હૉસ્પિટલના પ્રવેશ અને નોંધણી વિસ્તારોમાં ઉપલબ્ધ છે, (લોકલ) 832-667-5900, (ટૉલ ફ્રી) 877-493-3228 પર કેન્દ્રિય વ્યાપારી કાર્યાલય (Centralized Business Office)નો સંપર્ક કરીને મેળવી શકાય છે અને મેઈલ દ્વારા તે મંગાવી શકાય છે:

હ્યુસ્ટન મેથડિસ્ટ<br>
કેન્દ્રિય વ્યાપારી કાર્યાલય<br>
ધ્યાનાર્થ: નાણાકીય સહાય એકમ<br>
701 એસ. ફ્રાય રોડ<br>
કેટી TX 77450

આ સરળ ભાષામાં સાર, આર્થિક મદદ નીતિ, આર્થિક મદદની અરજી અને વસૂલીની નીતિઓ ઉપર જણાવેલા સંપર્કો પર વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ છે.

હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist)નું આર્થિક સહાયતા એકમ આર્થિક મદદની નીતિ વિશેના પ્રશ્નોના જવાબ અને તેના વિશે માહિતી પૂરી પાડવા તથા તમને અરજીની પ્રક્રિયામાં મદદ કરવા માટે ઉપલબ્ધ છે. તમે સોમવારથી શુક્રવાર સવારે 07:00થી સાંજે 07:00 વાગ્યા સુધીમાં અને શનિવારે સવારે 8:00થી બપોરે 12:00 વાગ્યા સુધીમાં ટૉલ-ફ્રી નંબર 877-493-3228 પર આર્થિક સહાયતા એકમના સભ્યનો સંપર્ક કરી શકો છો.

એકવાર તમે નાણાકીય સહાય માટે અરજી પૂર્ણ કરી લો પછી કૃપા કરી બધા જરૂરી સહાયક દસ્તાવેજો જોડો અને નાણાકીય સહાય એકમને મેઈલ કરી દો, ઉપર આપેલ સરનામું જુઓ, અથવા નાણાકીય સહાય એકમને ઉદ્દેશીને 832-667-5995 પર ફેક્સ કરી દો.